

### ચિલોડામાં પરંપરાગત બળદઘાણીએ પીલાતુ કચરિયું

શિયાળાની ઋતુ જામતા જ લોકો સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બની જાય છે. આ મોસમ પૌષ્ટિક વસાણા ખાવાની મોસમ છે. આ ઋતુમાં મધ્યમ વર્ગના સામાન્ય માનવીને પોસાય તેવું વસાણુ એટલે કચરિયું. જિલ્લામાં કચરિયુ બનાવતી ઈલેક્ટ્રીક ઘાણીઓ તો અનેક આવેલી છે. પરંતુ ચિલોડામાં પરંપરાગત બળદ-ઘાણીએ કચરિયું બનાવાઈ રહ્યું છે જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આરોગ્યની દૃષ્ટિએ ઉત્તમ એવા તલના તેલમાં તલ અને ગોળને પીસીને બનતુ કચરિયું શક્તિવર્ધક આહાર ગણાય છે. હાલ આ બળદ-ઘાણીઓ પર કચરિયુ ખરીદવા લોકો ઘસારો કરી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ટ્રીપલ 'સી'ની પરીક્ષા મામલે ડીસ્ટ્રીક્ટ કોર્ટના બેલીફોને વચગાળાની રાહત

## ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટના વર્ગ-૩ કર્મચારીઓને ટ્રીપલ સી પરીક્ષા ફરજિયાત બનાવવા નિયમોને હાઈકોર્ટમાં પડકાર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ફરજ બજાવતા બેલીફ વર્ગ-૩ ના કર્મચારીઓ દ્વારા ટ્રીપલ સી ની પરીક્ષા ફરજિયાત બનાવતા નિયમો સંદર્ભે હાઈકોર્ટમાં રીટ કરી છે. આ સંદર્ભે હાઈકોર્ટે વચગાળાની રાહત આપી આગામી તા. ૭ જાન્યુઆરીના રોજ આખરી સુનાવણી કરવાનો આદેશ કર્યો છે.

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ફરજ બજાવતા બેલીફ વર્ગ-૩ ના કર્મચારીઓ વનતી ભરતસિંહ રઘુના ઝાલા તથા અન્ય ૧૦ કર્મચારીઓએ ગુજરાત સિવિલ સર્વિસીસ કોમ્પ્યુટર કોમ્પીટન્સી ટ્રેનીંગ અને એકઝામીનેશન રૂલ-૨૦૦૬ની જોગવાઈએ હાઈકોર્ટમાં પડકારી છે. અરદાર દ્વારા અરજીમાં એવી દાદ માંગવામાં આવી છે કે રીક્રુટમેન્ટ રૂલ્સ ૧૯૫૭ની જોગવાઈઓ અન્વયે તેમની નોકરી રેગ્યુલેટ થાય છે. અરજદારો ૧૯૮૨થી ૧૯૯૬ ના સમયગાળામાં વર્ગ-૪ કર્મચારી તરીકે દાખલ થયા હતા. ત્યારબાદ રીક્રુટમેન્ટના નિયમોમાં સુધારો અમલમાં આવ્યો નથી. જેના આધારે ટ્રીપલ સી પાસ ન કરે ત્યાં સુધી પ્રમોશન આપી ન શકાય. સરકાર દ્વારા વર્ષ-૨૦૦૬માં આ નિયમોને ગેરબંધારણીય ઠેરવતા રીટ અરજી દાખલ કરવામાં આવી છે. આ કેસ સંદર્ભે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ વી.એમ. સહાય તેમજ ન્યાયમૂર્તિ આર.પી. ઢોલરીયાએ આ કેસની આખરી સુનાવણી તા. ૭ જાન્યુઆરી વર્ષ ૨૦૧૫ ના રોજ મુકકર કરી છે. આ ઉપરાંત વચગાળાના મનાઈહૂકમ સ્વરૂપે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ ગાંધીગરને એવો આદેશ ફરમાવવામાં આવ્યો છે કે અરજદારોના કિસ્સામાં ટ્રીપલ સી પરીક્ષા આપી ન શકવાના કારણે કે પાસ નહી કરી શકવાના કારણે તેઓની પાયરી ઉતાર કરતા નથી તેવી વચાગાળાની રાહત આપી છે. આ કેસમાં બેલીફ કર્મચારીઓ વતી વકીલ તરીકે જિત જયંત ભટ્ટ તેમજ જયંત પ્રેમશંકર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી અમૃતમ્ યોજના તથા વાત્સલ્ય યોજના મેડીસ્ટાર ખાતે કાર્યરત

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી અમૃતમ્ યોજના દ્વારા મેડીસ્ટાર હોસ્પિટલ ખાતે કિડનીના રોગો (પેશાબની નળીમાં પથરી, સારણ ગાંઠ, કીડનીમાં પથરી), હૃદયરોગો (એન્જીયોગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી) બાળકોના રોગો માટે વિનામુલ્યે સારવાર કરવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં આશરે ૨૦૦ થી વધારે પથારીના ઓપરેશનો કરવામાં આવેલ છે. છેલ્લા એક મહિનાથી તથા એન્જીઓગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી મુખ્યમંત્રી અમૃતમ્ યોજના તથા વાત્સલ્ય યોજના દ્વારા કરવામાં આવે છે.

# રાંધેજા ગામે સામૂહિક ગ્રામ સફાઈ ૨૧મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નસમા સ્વચ્છ ભારત અભિયાનને સાકાર કરવા માટે સમગ્ર ભારતવર્ષમાં સફાઈ અભિયાન કાર્યક્રમની શુભ શરૂઆત બીજી ઓકટોબર-૨૦૧૪થી કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ ૨૦૧૯ સુધી સતત ચાલનારો છે. ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વારના તત્વાવધાનમાં ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગરના નેતૃત્વ હેઠળ આગામી તા. ૨૧/૧૨/૨૦૧૪ને રવિવારના રોજ સવારે૯.૦૦થી ૫.૦૦ સુધી ગાંધીનગર જિલ્લાના રાંધેજા મુકામે સમગ્ર ગ્રામ સફાઈનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન માન.નીતિનભાઈ પટેલ મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા શુભ શરૂઆત કરવામાં આવશે અને અતિથિવિશેષ તરીકે શ્રીમતી હિનાબેન પટેલ -મુખશ્રી, જિલ્લા પંચાયત, ગાંધીનગર ઉપસથિત રહી આ કાર્યક્રમમાં સહભાગી બનશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિવાર, ગાંધીનગર અને રાંધેજા સ્વૈચ્છિક સંગઠનો, સમસ્ત ગ્રામજનો, ગ્રામ પંચાયત અને આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સામૂહિક ગ્રામ સફાઈ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોઈ, આ જનભાગીદારીના આંદોલનમાં સહભાગી બની કાર્યક્રમને સફળ બનાવવા રાંધેજા ગામની -જા, ગાંધીનગરની જનતા અને આજુબાજુના ગ્રામજનોને ગાયત્રી પરીવારના વરીષ્ઠ કાર્યકર્તા શ્રી -ફુલભાઈ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# મહાત્મા મંદિર તરફ જતાં વાહનોના નંબરની એન્ટ્રી થશે

## ઘ-૪ સર્કલ પાસે મહાત્મા મંદિર તરફના એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર પોલીસને નંબર નોંધવા બેસાડી દેવાયા

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન અનેક વીવીઆઈપી મહાનુભાવોનું આગમન થશે. તેમની સલામતી વ્યવસ્થાનાં ભાગરૂપે અત્યારથી જ મહાત્મા મંદિરથી સેન્ટ્રલ વિસ્ટા પાસેના માર્ગો પર પોલીસની વૉચ છે. દરરોજ આ માર્ગ અને આસપાસની ઝાડીઓ ઉપરાંત મહાત્મા મંદિર સંકુલનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. હવે સલામતીના ભાગરૂપે મહાત્મા મંદિર જતા તમામ વાહનોના નંબરની એન્ટ્રી એક રજીસ્ટરમાં કરવામાં આવશે.

મહાત્મા મંદિર સંકુલમાં અને ત્યાંથી ઘ-૪ સર્કલ તરફના બંને અવર-જવરના માર્ગો તથા આસપાસની ઝાડીઓમાં પોલીસ દ્વારા ચેકીંગ કરાઈ રહ્યું છે. કોઈ શંકાસ્પદ વસ્તુ કે બિનવારસી ચિજ દેખાય કે તુરંત જ તેની ચકાસણી કરીને હટાવી લેવામાં આવે છે. હવે કોઈ આ માર્ગ પર શંકાસ્પદ ચિજવસ્તુ મુકીને જતા ન રહે તે માટે ખાસ કાળજી રાખવામાં આવી રહી છે. મહાત્મા મંદિર તરફ જતા તમામ વાહનોના નંબરની નોંધ કરવા પોલીસ જવાનોને ઘ-૪ સર્કલે બેસાડી દેવામાં આવ્યા છે. મહાત્મા મંદિરની એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર ખાસ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

# નો પાર્કિંગ ઝોનમાં વાહનો પાર્ક ન થાય તે માટે ખાસ ઝૂંબેશ

## પથિકાશ્રમથી માંડીને શહેરના માર્ગો પર આડેધડ પાર્ક થતા વાહનો ડીટેઈન કરવાની કામગીરી શરૂ : ઘ-૩ સર્કલથી ૧૬ વાહનો ડીટેઈન

ગાંધીનગર, તા. ૧૮

વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર શહેરને દબાણમુક્ત કરી દેવામાં તંત્ર સફળ રહ્યું છે. તે ઉપરાંત તંત્ર શહેરને ઢોર મુક્ત પણ કરી શક્યુ છે. શહેરના માર્ગો પર બ્યુટીફીકેશન ચાલુ છે. અને સફાઈ ઝુંબેશ તથા રંગ-રોગાન કામગીરી ઉપરાંત રસ્તાની આસપાસના છોડ-વૃક્ષોનું ટ્રીમીંગ કરી શહેરને પણ વાઈબ્રન્ટ લુક આપી દેવાયો છે. આ તમામ પાસાઓ પર ધ્યાન કેન્દ્રીત કર્યા બાદ હવે રસ્તા વચ્ચે તથા નો પાર્કિંગ ઝોન પર બેફામ પાર્ક થતા વાહનો પર તંત્રની નજર પડી છે. આડેધડ ખડકેલા વાહનો ઉપરોક્ત તમામ સારા

**વાઈબ્રન્ટ ઈફેક્ટ**

કામોને ઝાંખા પાડી નાંખે છે. જેથી આવા વાહનો ડીટેઈન કરી લેવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

શહેર ઉપરાંત ગાંધીનગર-અમદાવાદ હાઈવે આખાયમાં વાઈબ્રન્ટ ઈફેકટ જોવા મળી રહી છે. સ્વચ્છતાથી માંડીને બ્યુટીફિકેશન સુધીની તમામ તૈયારીઓ થઈ રહી છે ત્યારે વાઈબ્રન્ટ સમિટિમાં આવનાર વીવીઆઈપી તથા મુલાકાતીઓ શહેરનાં માર્ગો પર આડેધડ પાર્ક થતા વાહનોના દશ્યોની ખરાબ છાપ લઈને પરત ન જાય તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે નો પાર્કિંગ ઝોનમાં તથા શહેરના મુખ્ય માર્ગો અને ખાસ કરીને સર્કલોની ફરતે આડેધડ પાર્ક કરાતા વાહનોને ડીટેઈન કરી લેવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. સે. ૭ પોલીસે આજે ઝુંબેશના પ્રથમ દિવસે ઘ-૩ સર્કલથી પથિકાશ્રમ એસ.ટી.ડેપો રોડ પરથી ૧૬ વાહનો ડીટેઈન કરી લીધા છે.

### રવિવારે સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ પરિવારનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ પરિવારનો સ્નેહમિલન સમારંભ તા. ૨૧મી ડિસેમ્બરે સાંજે ૫ કલાકે યોજવામાં આવ્યો છે. આ સ્નેહમિલન સમારંભમાં ઉપસ્થિત રહેવા સભ્યોને સેક્ટર-૨૩ શાખાના પ્રમુખ મુકેશ શુકલ અને મંત્રી મયંક ભટ્ટ દ્વારા અનુરોધ કરાયો છે.



### બલરામ પરિસર ખાતે સ્વચ્છતા અભિયાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત ભારત સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગરના કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ દ્વારા સે. ૧૨ના બલરામ પરિસર તથા ઉમિયા માતાજી મંદિર અને ઘ-રોડ વચ્ચેની જગ્યામાં આજે સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના સભ્યો પરિવાર સહિત જોડાયા હતા.

# રાંધેજા ગામે પહેલીથી ચાર દિવસ ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ

ગાંધીનગર, તા. ૧૮

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ગાયત્રી તીર્થ શાંતિકુંજ, હરિદ્વારની -રણાથી અને તત્વાવધાનમાં સમુહ સાધના વર્ષ ૨૦૧૪-૧૫ નિમિત્તે, ગાંધીનગર જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા સામુહિક જપ, ધ્યાન, ષોડશ સંસ્કારો, ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન અને સાથોસાથ તા.૦૧-૦૧-૨૦૧૫ના રોજ રકતદાન શિબિરનું અને સ્ત્રીઓના ગર્ભાશયના કેન્સરની આગોતરી જાણકારી માટેનોઁ પેપ નું આયોજન કરવામાં આવેલ છે.

ગાયત્રી પરિવાર દ્વારા ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે થનાર કાર્યક્રમોમાં તા. ૧/૧/૨૦૧૫ના રોજ વિશાળ કળશયાત્રા (શોભાયાત્રા) અને સંગીત -વચન, બપોરે ૧.૦૦ થી ૫.૦૦ દરમિયાન યોજાશે. તા. ૨/૧/૧૫ના રોજ સવારે ૬.૦૦ થી ૭/૩૦ કલાક સુધી સામુહિક જપ, પંચકોષીય ધ્યાન,-જ્ઞાયોગ, વ્યાયામ, સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ ગાયત્રી મહાયજ્ઞ, દેવપુજન તેમજ વિવધ સંસ્કારો, બપોરે ૨.૦૦ થી ૩.૦૦ ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓની ગોષ્ઠિ અને સાંજે ૬.૦૦ થી ૯.૦૦ સંગીત, -વચન કાર્યક્રમ, તા.૩/૧/૧૫ને શનિવારના રોજ સામુહિક જપ, પંચકોષીય ધ્યાન, -જ્ઞાયોગ, વ્યાયામ, ૮.૦૦ થી ૧૧.૦૦ ગાયત્રી મહાયજ્ઞ, તેમજ વિવિધ સંસ્કાર સંપન્ન થશે અને બપોરે ૨.૦૦ કલાકે બેટી વધાવો કાર્યક્રમ અંતર્ગત જેમને બે દિકરીઓ છે તેવી માતાઓનું બાળાઓ સાથે અભિવાદન કાર્યક્રમ પણ ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ અને જિલ્લા પંચાયતના -મુખ શ્રીમતી હિનાબેન પટેલ, ગાંધીનગર કોર્પોરેશનના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાની ઉપસથિતમાં યોજવામાં આવશે અને સાંજે ૫.૦૦ થી ૮.૦૦ સંગીત -વચન સહિત દીપયજ્ઞ સંપન્ન થશે.

વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આકાશવાણી પરનાઁ મનની વાત કાર્યક્રમ અંતર્ગત યુવાપેઢીને નશામુકત બનાવવાના ભાગરૂપે વ્યસનમુકિત -દર્શન અને રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૪/૧/૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ સામુહિક જપ, પંચકોષીય ધ્યાન, -જ્ઞાયોગ, ૮.૦૦ થી ૧૧.૦૦ ગાયત્રી મહાયજ્ઞ, દેવપુજન તેમજ વિવિધ સંસ્કારો અને પૂર્ણાહુતિ શાંતિકુજ હરિદ્વારની -જ્ઞા ટોળી દ્વારા કરવામાં આવશે.

# કલોલ તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજથી રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ દ્રિતીય તબક્કાનો આરંભ થયો છે. દ્રિતીય તબક્કાના -થમ દિવસે આજરોજ કલોલ તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ કલોલ ખાતે યોજાયો હતો. આ રવિ કૃષિ મહોત્સવના અધ્યક્ષ સ્થાને કૃષિ મંત્રી શ્રી બાબુભાઈ બોખિરિયા ઉપસથિત રહ્યાં હતાં. કલોલ તાલુકાના કૃષિ મહોત્સવમાં કૃષિ, બાગાયત અને જીજીઆરસીની યોજના અંતર્ગત ૨૬૮ ધરતીપુત્રોને રૂપિયા ૩ કરોડ ૯૦ લાખથી વધુની સબસીડી આપવામાં આવી હતી.

રવિ કૃષિ મહોત્સવમાં બેઠેલા ખેડૂતોને સંબોધતા કૃષિ મંત્રી શ્રી બાબુભાઈ બોખિરિયાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજયમાં ન હતી, ત્યારે સમગ્ર રાજયનું બજેટ રૂપિયા ૪૫૦૦ કરોડ હતું. પરંતુ આજે મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના શાસનમાં રાજયના કૃષિ ક્ષેત્ર માટે જ રૂપિયા ૪૬૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ બજેટનો આંકડો જ આ સરકાર ખેડૂતો અને રાજયના કૃષિ ઉત્પાદન વધારવામાં કેટલો રસ ધરાવે છે, તે વાતની સ્પષ્ટતા કરે છે.

રાજયની શાસનધુરા વર્તમાન વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથમાં હતી, ત્યારે તેમણે ગામડાઓને સધ્ધર કરવા માટેની વાતને -ધાન્ય આપ્યું હતું. ગામડું સધ્ધર થશે તો દેશ આપો આપ



સધ્ધર થશે. તે વાતને સાર્થક કરવા રાજય સરકારે કૃષિ અને પશુપાલન ક્ષેત્રની અનેક યોજનાઓ અમલી બનાવી છે. મહિલાઓના સશક્તિકરણ અર્થે પણ રાજય સરકાર દ્વારા મહિલા દૂધ મંડળીઓ માટેની જમીન અને સહાય યોજના, દૂધ દોહેવાના સાધન સહાય માટેની અને અન્ય મહિલા સશક્તિકરણ માટેની વિવિધ યોજનાઓની વિસ્તૃત વાત કરી હતી. આજે ગુજરાત સરકાર દ્વારા પાણી સંગ્રહને -ધાન્ય આપવામાં આવ્યું છે. રાજયમાં ભાજપે સત્તાની દોર સંભાળી તે પહેલા માત્ર ૪ હજાર ચેકડેમ હતા, હાલમાં રાજયમાં ૧ લાખથી વધુ ચેકડેમ છે. તે ઉપરાંત ઉત્તર ગુજરાતના ખેડૂતોના પીવાના પાણી અને સિંચાઈ માટેના પાણીના -ઁનો હલ લાવવા માટે સુજલામૂ સુફલામૂ યોજના અમલી બનાવી છે. તે ઉપરાંત જયોતિગ્રામ યોજના થકી આજે રાજયના તમામ ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળી રહી છે. તેમજ રાજય સરકાર દ્વારા ૪ હજાર કરોડની ખેડૂતોને વીજળીમાં સબસીડી આપવામાં આવે છે. આ સરકારના સુચારું આયોજન થકી હાલના ગામડાઓના જન જીવનમાં સ્પષ્ટ ફરક આપણે સૌ જોઈ શકીએ છીએ.

તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા દેશ અને રાજયની નદીઓના આતરિક જોડાણ કરીને સમુદ્રમાં બિન જરૂરી વહી જતું પાણી રોકવાની દિશામાં સુચારું આયોજન કરવામાં આવ્યું છે, તેવું કહીને રાજયના દક્ષિણ, મધ્ય, ઉત્તર, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારની નદીઓના જોડાણથી શું ફાયદા થશે, તેની વિસ્તૃત વાત કરી હતી. આગામી સમયમાં પશુ પાલન ક્ષેત્રનો વિકાસ કરવા માટે રાજય સરકારના આગોતરા આયોજનની વાત પણ કરી હતી.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૬**
**સૂર્યાસ્ત : ૫.૫૬**

### તાપમાન

**મહત્તમ : ૨૫.૪ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૭૨ ટકા ● સાંજે ૩૨ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બદલપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦

**સ્ક્રીન-૩ :**

મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

બદલપુર બોય : ૧.૩૦, ૬.૩૦

**સીટી પલ્સ**

**: સ્ક્રીન-૨ :**

એકશન જેકસન : ૪.૦૦, ૧૦.૦૦

બદલપુર બોય : ૬.૪૫

**: સ્ક્રીન-૩ :**

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૬.૪૫

લિંગા (તમીલ) : ૯.૦૦

**: સ્ક્રીન-૪ :**

એકશન જેકસન : ૧૦.૦૦

બદલપુર બોય : ૩.૪૫, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

લિંગા (તમીલ) : ૭.૦૦

**: સ્ક્રીન-૫ :**

બદલપુર બોય : ૧૦.૦૦

એકશન જેકસન : ૧.૦૦, ૭.૦૦

**: સ્ક્રીન-૬ :**

એકશન જેકસન : ૭.૦૦

બદલપુર બોય : ૩.૪૫

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્રસિંહ જોરાવરસિંહ ચંપાવત (ઉ.વ.૩૫) મુ. પો. લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન લાલજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૪૬, મુ. પેથાપુર, સોમનાથ સોસાયટી, તા.જી. ગાંધીનગર